સીટી એન્જીનિયરશ્રી ની કચેરી,
વડોદરા મહાનગર સેવા સદન,
ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ શાખા,
વડોદરા.
તા.૦૫ .૦૨.૨૦૧૫

**પરીપત્ર અંકઃ ૧૪ /૨૦૧૪-૧૫**

વડોદરા મહાનગર સેવા સદન ના વિવિધ વિભાગો દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવનાર જાહેર કામો માટે ના વાર્ષિક ઇજારા બહાર પાડવામાં આવે છે. સદર ઇજારો લેવા માટે ઇજારદારો દ્વારા લાગત / ટેન્ડર માં જણાવ્યા મુજબ મુળ ઇજારા ની રકમ ના ૨% ઇ. એમ. ડી અને ૩% સિક્યુરીટી ડિપોઝીટ જમાં કરાવવાની રહે છે તથા તે મુજબ ની કાર્ય પધ્ધતિ હાલમાં અમલ માં છે.

પરન્તુ છેલ્લા કેટલાંક સમય થી વાર્ષીક ઇજારા ની મંજુરી ના સમયે સ્થાયી સમિતિ દ્વારા કામો ની સંખ્યા તથા સમયસર કામગીરી પુર્ણ કરવાના હેતુ સહ લોએસ્ટ ઇજારા ના ભાવે અન્ય કોઇ પણ જે તે સક્ષમ વર્ગમાં નોંધણી ધરાવતા ઇજારદાર પણ આ કામો કરી શકશે તેમ ઠરાવવામાં આવે છે. આવા કિસ્સાઓ માં જે તે ઝોન / વોર્ડ / વિભાગ દ્વારા અન્ય ઇજારદાર ને કામ સોંપતી વખતે સોંપવામાં આવતી કામગીરી ની રકમ મુજબ ૨% ઇ. એમ. ડી અને ૩% સિક્યુરીટી ડિપોઝીટ લેવામાં આવતું હોવાનું ધ્યાને આવેલ છે જ્યારે મુળ ઇજારદાર દ્વારા મુળ ઇજારા ની રકમ ના ૨% ઇ. એમ. ડી અને ૩% સિક્યુરીટી ડિપોઝીટ જમાં કરાવવામાં આવે છે. જેના કારણ વહીવટી વિસંગતતાઓ ઉભી થાય છે.

ઉપરોક્ત બાબત ધ્યાને લેતા તા. ૦૧.૦૪.૨૦૧૪ થી મંજુર થયેલ વાર્ષીક ઇજારાઓ પૈકી જે કિસ્સાઓ માં અન્ય ઇજારદારો પણ લોએસ્ટ ભાવે કામો કરી શકશે તેવું ઠરાવેલ હોય તેવા ઇજારાઓ માં અન્ય ઇજારદારો જે કામ કરવા સંમત હોય તેઓ ની પાસે પણ મુળ ઇજારા ની રકમ ના ૨% ઇ. એમ. ડી અને ૩% સિક્યુરીટી ડિપોઝીટ પેટે પ્રથમ જમાં લેવાના રહેશે અને ત્યાર બાદ જ મંજુર વાર્ષીક ઇજારા પેટે તેઓ પાસે થી કામગીરી કરાવી શકાશે. વધુમાં તા. ૦૧.૦૪.૨૦૧૪ થી ઉપરોક્ત મુજબ અન્ય ઇજારદારો ને કામ સોંપેલ હોય તો ઉપર જણાવ્યા મુજબ બાકી રહેતી ઇ. એમ. ડી અને સિક્યુરીટી ડિપોઝીટ ની રકમ તાત્કાલીક વસુલ કરવાની રહેશે.

ઉપરોક્ત નો અમલ તમામ સંબંધકર્તાઓ એ તાત્કાલીક ચુસ્તપણે બીનચુક કરવાનો રહેશે.

**મ્યુનિસિપલ કમિશનર**
**મહાનગર સેવા સદન**
**વડોદરા**

નકલ રવાનાઃ ______________________ શ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ..